મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫

## આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

### આજનું પંચાંગ

| | |
|---|---|
| ઉદિત તિથિ | કૃષ્ણ પક્ષ એકાદશી ૧૨ નવેમ્બરે ૦૦:૪૦ સુધી, ત્યાર પછી દ્વાદશી |
| વાર | બુધ |
| નક્ષત્ર | ઉત્તરા ફાલ્ગુની ૧૨ નવેમ્બરે ૪:૨૫ સુધી, ત્યાર પછી હસ્ત |
| કરણ | બવ બપોરે ૨:૦૫, ત્યાર પછી બાલવ ૦૦:૪૦ સુધી, ત્યાર પછી કૌલવ |
| યોગ | વૈધૃતિ સાંજે ૭:૨૮ સુધી, ત્યાર પછી વિષ્કુમ્ભ |
| આજની રાશિ | સિંહ બપોરે ૧૨:૦૧ સુધી, ત્યાર પછી કન્યા |
| રાશિના અક્ષરો | મ. ટ. બપોરે ૧૨:૦૧ સુધી, ત્યાર પછી પ. ઠ. ણ. |

### આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

**મેષ (અ. લ. ઈ.)**

આજે સરસ રીતે કામ કરી શકો. પોતાની ક્ષમતાઓનું સારી રીતે પ્રદર્શન કરી શકાય. જેમ જેમ દિવસ આગળ વધે તેમ પેન્ડિંગ કામો પૂરાં થતાં જોઈ, ઉત્સાહમાં વધારો થાય અને વધુ સારું લાગે. કળા અને ખેલકુદના ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે ઉત્તમ દિવસ. આજે ઉપરી અધિકારીઓ આપનાથી ખુશ રહે.

**વૃષભ (બ. વ. ઉ.)**

પોતાના મતમાં ફેરફાર કરવાની ઈચ્છા ન થાય. એવું લાગે કે જે છે તે બરોબર છે અને આપ માનો છો, તેમ જ હોવું જોઈએ અથવા થવું જોઈએ. ધ્યાન રાખજો કે કોઈની સાથે કોઈ બાબતે મતાંતરો ન થાય. આજનો દિવસ સંવેદનશીલ છે. આજના દિવસે સરળતાથી કામો પૂરાં ન થવાથી થોડી નિરાશા જન્મે.

**મિથુન (ક. છ. ઘ)**

આપ પોતાના રસના વિષય અંગે વધુ માહિતી પ્રાપ્ત કરવા કોશિશ કરશો. અમુક બાબતો અંગે આપને એમ લાગશે, કે આપની પાસે જ પૂર્ણ વિગતો છે, બીજા લોકો જાણતાં જ નથી. ધંધામાં નવું સાહસ કરવાની ઈચ્છા થઈ શકે. નોકરીમાં અઘરાં કાર્યો પણ આપ હાથ ધરશો અને પૂરાં કરશો.

**કર્ક (ડ. હ.)**

આર્થિક મુદ્દા આજના જીવનમાં સર્વોપરિ રહેશે. આપનો પ્રયાસ બ્રાન્ડેડ વસ્તુઓ ખરીદવાનો હશે, જેની સામે તેની યોગ્ય કિંમત ચૂકવવા આપ તૈયાર હશો. પરિવારજનો સાથે વ્યવહાર કરતી વખતે આપનો અહંકાર ઓગાળીને વાત કરજો. બની શકે કે આજે આપ પોતાના સ્વભાવથી વિપરિત વર્તન કરો, જેનાથી દુઃખ વધે, સુખ ઘટે.

**સિંહ (મ. ટ.)**

આજે કેટલાક નિર્ણયો મક્કમ મને લેવાં જ પડશે. એવું ધ્યાન રાખજો કે આપ અહંકારી વ્યક્તિની ઈમેઈજ ન પાડો. જો આપ આ અંગે સાવચેત નથી, તો બીજા લોકો આપનું ખોટું મૂલ્યાંકન કરશે. જો કે, આજે બીજા લોકો આપના માટે શું વિચારે છે, તે મહત્વનું નહીં હોય. વૈચારિક મતભેદો થવાની પૂરી શક્યતા છે. ગુસ્સો કાબુમાં રાખવા પ્રયાસ કરજો, નહિ તો સંબંધો વણસી જશે.

**કન્યા (પ. ઠ. ણ)**

આજનો દિવસ ગાંઠનું ગોપીચંદન કરવાનો દિવસ છે. આજે ભૂલો સુધારવાનો દિવસ છે. ભૂલો સુધારવા માટે ભૂલો સમજાવી જરૂરી છે. સ્વીકૃતિ – એ બદલાવનું પહેલું પગથીયું છે. આજે બિઝનેસ હોય કે જોબ હોય, સાવચેતી ભર્યાં પગલાં લેવાની સલાહ છે. વધુ પડતો આત્મવિશ્વાસ નુકસાન કરાવી શકે.

**તુલા (ર. ત.)**

જેટલાં ઓપન માઈન્ડેડ રહેશો, તેટલું વધારે સારું રહેશે. જો સંકુચિત મનોવૃત્તિ રાખશો, તો તકલીફ પડશે. જે લોકોને આજ સુધી આપની જરૂર નહોતી, તે લોકોને અચાનક આપની જરૂર પડશે. સમતુલા એને જ કહેવાય કે આપ નિષ્પક્ષ અને નિરહંકારી બનીને દરેક વ્યક્તિને સહાય કરો. આર્થિક લાભ થાય અથવા સધ્ધરતામાં વધારો થાય.

**વૃશ્ચિક (ન. ય.)**

આજે આપ મજબૂત રીતે સારાં કાર્યો કરી શકશો. એવું બનશે જ નહીં કે આપના વગર કામ અટકે, પણ આપને એવું લાગશે કે આપની હાજરી કે આપના ફોન કૉલથી અમુક મહત્વનાં કાર્યો પૂરાં થયાં. જો આપનો બિઝનેસ હશે તો તેમાં પ્રગતિ થશે. નોકરીયાતો સારી રીતે પોતાની જવાબદારીઓ નિભાવશે. બોસ સાથે બાખડશો નહીં.

**ધન (ભ. ફ. ધ. ઢ)**

આપનો ફિલોસોફીકલ સ્વભાવ આજે બીજા લોકોને ઉપયોગમાં આવશે. અન્ય લોકોના ઉપયોગમાં આવ્યાનો આપને આનંદ હશે. આજે જીવનના જુદાં જુદાં આયામો અને વિષયોનો અભ્યાસ આપ કરી શકશો. ધ્યાન એમ રાખવાનું કે કોઈ આપને ફોસલાવીને પોતાનો સ્વાર્થ ન સાધી લે. પ્રશંસા ઘણી વાર માત્ર કામ કઢાવવા માટે થતી હોય છે.

**મકર (ખ. જ.)**

આપની સંવેદનાઓ પોતાની જાત તરફ વધુ હશે. આપ પોતાની જ ચિંતામાં વ્યસ્ત હશો. જો બિઝનેસ કરતાં હશો તો ભવિષ્ય અંગે વિચારશો અને નોકરી કરતાં હશો તો 'આજનો દિવસ કેવી રીતે જલદી પૂરો થાયદ્ઘ એ અંગે વિચારશો. આજે સાચાં મિત્રો અને તાળી-મિત્રો વચ્ચેનો ફર્ક સમજાશે. આપની શારીરિક કે માનસિક તબિયત સંવેદનશીલ રહેશે.

**કુંભ (ગ. શ. સ.)**

દિવસ સારો પસાર કરવા માટે માનસિક રીતે આપ સજ્જ હશો. આપ કોઈના દોરવાયા દોરવાશો નહીં. પોતાના મતને આપ દ્રઢપણે રજુ કરશો. આજે આપના વખાણ થાય કે આપની તારીફ કરવામાં આવે તેવું બને. વ્યક્તિ પોતાના કર્મથી ઓળખાય છે પણ એ એનાં સ્વભાવથી પરખાય છે. આજે લોકવ્યવહારમાં એ ખાસ જોજો કે લોકો આપની ખોટી ઈમેઈજ ન બાંધે.

**મીન (દ. ચ. ઝ. થ)**

આજનો દિવસ બીજા લોકો સાથેનો પરિચય વધારવા માટે યોગ્ય નથી. જે સંબંધો જેવા અને જ્યાં છે, ત્યાં જ રહેવા દેજો. આજે સંબધ વધારવા કોશિશ કરશો, તો તકલીફો પણ વધશે, જે આપ હેન્ડલ નહીં કરી શકો. વધુ મહેનતે ઓછું પરિણામ મળવાથી, આપ થોડાક નિરાશ થશો. જો શ્વાસ છે તો આશ છે. નિરાશ ન થશો, થોડા દિવસોમાં સારાં પરિણામો મળશે.

## તાલુકામાં કોરોના બેકાબુ... ● ત્રીજા પાનાનું ચાલુ

આ ઉપરાંત ૬૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

રાંદેસણ ગામેથી ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

સરગાસણ ગામેથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. સરગાસણમાંથી ૩૬ વર્ષીય કર્મયોગીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૬૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

માણસા તાલુકાના ઈન્દ્રપુરા ગામેથી ૪૯ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ખેડૂતને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૫૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૨૫૦૯ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૨૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧૩,૨૩૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

# ગુજરાતમાં ભાજપનો જય જયકાર

## વિધાનસભાની પેટાચૂંટણીની ૮-૮ બેઠકો પર ભાજપનો જંગી વિજય : કોંગ્રેસનો સફાયો

ગાંધીનગર, તા. ૧૦ ગુજરાત વિધાનસભાની પેટાચૂંટણીમાં તમામ ૮ બેઠકો પર ભાજપનો વિજય થયો છે. જેને લઈને ભાજપ કાર્યાલયે વિજયોત્સવ જેવો માહોલ છે, જ્યારે પેટાચૂંટણીના પરિણામોથી કોંગ્રેસ કાર્યાલયે સન્નાટો છવાયો છે. વોટ શેરિંગની વાત કરીએ તો આ આઠ બેઠકો પર ભાજપને ૫૫ ટકા મત મળ્યા છે, જ્યારે કોંગ્રેસને માત્ર ૩૪.૪ ટકા જ મત મળ્યા છે. આ બેઠકો પર ૮.૪૬ ટકા મત અન્ય ઉમેદવારોને જ્યારે ૨.૧૬ ટકા મત



નોટામાં પડ્યા છે. ગુજરાતની તમામ ૮ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાઈ રહ્યો છે.

અબડાસામાં પ્રદ્યુમનસિંહ જાડેજાનો ૩૬ હજારથી વધુ મત અને કરજણમાં અક્ષય પટેલનો ૧૬ હજારથી વધુ મત સાથે વિજય થયો છે. અબડાસા બેઠક પર ભાજપે પોતાની જીત નિશ્ચિત કરી લીધી છે. ૧૦ ઉમેદવારો પૈકીના ભાજપના પ્રદ્યુમનસિંહ જાડેજાએ શરૂઆતથી લીડ બનાવી રાખી હતી અને તેમને ૭૧૦૬૦ મત મળ્યા છે તેઓને અહિંથી ૪૯.૩ ટકા મત મળ્યા છે. જ્યારે કોંગ્રેસના ડો. શાંતિલાલ સેંઘાણીને અપક્ષ ઉમેદવાર હનીફ બાવા પડેયારએ બરાબર ટક્કર આપી હતી અને કોંગ્રેસ કરતા એક સમયે વધારે મત મેળવ્યા હતા. સૌરાષ્ટ્રની ગઢડા, ધારી અને મોરબી બેઠક પર પણ ભાજપના ઉમેદવાર વિજયી થયા હતા. મોરબીમાં ભાજપના ઉમેદવાર બ્રિજેશ મેરજાને ૬૩૫૯૫ અને કોંગ્રેસના ઉમેદવાર જયંતી પટેલને ૫૯૫૯૫ મત મળ્યા છે. મોરબીમાં ભાજપના ઉમેદવાર બ્રિજેશ મેરજા ૪૩૫૪ મતથી વિજેતા થયા છે. લીંબડી વિધાનસભા પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર કિરીટસિંહ રાણા ૮૮,૧૩૧ મત મળ્યા છે. આ સાથે જ કિરીટસિંહ તેમની ભવાન ભરવાડ સામે અગાઉ મળેલી હારનો જીત મેળવીને રેકોર્ડ તોડ્યો છે. કિરીટ સિંહ રાણાને આ વખતે ૫૫.૯૧ ટકા મત મળ્યા છે. અહીં કોંગ્રેસના ધારાસભ્ય સોમા ગાંડા પટેલે રાજીનામું આપી દેતા ચૂંટણી યોજાઈ હતી. ગઢડાના કોંગ્રેસના ઉમેદવાર મોહન સોલંકીએ મત ગણતરી કેન્દ્ર છોડી જણાવ્યું હતું કે, લોક ચુકાદો આવી રહ્યો છે. જનતાનો મત એ અમારો મત છે. ભાજપના કામો જોઈને મતદારોએ ભાજપને મત આપ્યા હશે. કોંગ્રસની હાર નહીં પણ જીત છે. ભાજપે તોડજોડ કરી જીત મેળવી છે કરજણ બેઠકની પેટાચૂંટણીની ભાજપના ઉમેદવાર અક્ષય પટેલનો ૧૬,૪૦૯ મતથી વિજય થયો છે. આમ ભાજપે કોંગ્રેસ પાસેથી કરજણ બેઠક આંચકી લીધી છે. ભાજપના ઉમેદવાર અક્ષય પટેલને ૭૬,૮૩૧ મત અને કોંગ્રેસના ઉમેદવાર કિરીટસિંહ જાડેજાને ૬૦૪૨૨ મત મળ્યા હતા. જોકે, ૧૫થી ૧૮ રાઉન્ડ સુધીમાં ભાજપના ઉમેદવારની લીડમાં ૫૮૬૧ મતનો ઘટાડો થયો હતો. જોકે ૧૯થી ૨૯માં રાઉન્ડમાં ભાજપની લીડમાં ૧૦,૮૦૮ મતની લીડ વધી ગઈ હતી, જેથી કોંગ્રેસના ઉમેદવારે હાર સ્વીકારીને મતગણતરી કેન્દ્રમાંથી બહાર નીકળી ગયા હતા.

# રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૧૦૪૯ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ ૫ લોકોનાં મૃત્યુ : ગુજરાત રાજ્યમાં અત્યાર સુધીમાં ૩૭૭૩ લોકોના મોત

ગાંધીનગર, તા.૧૦ ભારતમાં એક દિવસમાં ૩૮૦૦૦ કરતા વધારે કેસ સામે આવ્યા છે. દેશમાં કોવિડ-૧૯થી મૃત્યુદર પણ ૧.૪૮% થયો છે તો આંકડાઓ અનુસાર દેશમાં હજુ ૫,૦૫,૨૬૫ લોકોની સારવાર ચાલી રહી છે. ગુજરાતમાં પણ ૨૪ કલાકમાં કોરોનાના ૧૦૪૯ નવા કેસ સામે આવ્યા છે અને વિવિધ જગ્યાએથી ૫ મોત નીપજ્યાં છે. જેથી કોરોનાનો કુલ આંકડો પણ વધીને ૧૮૨૭૧૯ થયો છે.

રાજ્યમાં ૧૦૪૯ નવા દર્દીઓ સામે ૮૬૯ દર્દીઓ કોરોનાને હરાવવામાં સફળ રહ્યાં છે. જેથી હવે સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧૬૬૪૬૮એ પહોંચ્યો છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં વધુ ૫ મોત સાથે કુલ મૃત્યુઆંક પણ ૩૭૭૩એ પહોંચ્યો છે. ગઈ કાલ કરતા આજે ૭૮ દર્દીઓ નવા ઉમેરાયા છે. જેથી એવું લાગી રહ્યું છે કે જેમ જેમ તહેવારો નજીક આવતા જઈ રહ્યાં છે તેમ તેમ કોરોના ફરી માથુ ઉચકી રહ્યો છે.

રાજ્યમાં કોરોના વાયરસના કુલ એક્ટિવ કેસ પણ ૧૨,૪૭૮ થયાં છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૫ લોકોના મોત સાથે મૃત્યુઆંક ૩૭૭૩ થયો છે તો સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧૬૬૪૬૮ એ પહોંચ્યો છે. જેથી હવે ગુજરાતમાં રિકવરી રેટ પણ ૯૧.૧૧% થયો છે. ઉપરાંત રાજ્યમાં ૨૪ કલાકમાં કુલ ૫૨,૯૬૦ ટેસ્ટ કરવામાં આવ્યા હતાં.

# દિવાળી પર્વને અનુલક્ષી એસ ટી ડેપો રોજ વધારાની ૧૦ બસો દોડાવશે

## દાહોદ જાલોદ સહીતના રૂટમાં વધારાની બસો દોડવવા માટે આયોજન : ટ્રાફિકને અનુલક્ષી બસ દોડાવવાનુ આયોજન કરાશે

ગાંધીનગર તા ૧૦

કોરોના કાળમાં છેલ્લા આઠ મહીનાથી એસ ટી બસ સેવા પ્રભાવિત છે. અલબત્ત શરૂઆતના ચાર મહીના સુધી એસ ટી સેવા ઠપ્પ થઈ ગઈ હતી જયારે તબક્કાવાર તમામ રૂટોની બસ શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે હાલ દિવાળીના તહેવારોને અનુલક્ષીને પણ વધારાની બસો દોડાવવા માટે ગાંધીનગર ડેપોએ આયોજન કરી દીધુ છે. જેમાં એસ ટી તંત્ર દ્વારા આજથી રોજ વધારાની ૧૦ બસો દોડાવાશે જે અન્વયે દાહોદ જાલોદ સહીતના રૂટમાં ટ્રાફિકને અનુલક્ષી બસો



દોડાવવા માટે તૈયારી કરી લીધી છે.

શહેરમાં દિવાળી ટાંણે ગાંધીનગર ડેપોએ બસના રૂટ વધારવા માટે આયોજન કરી દીધુ છે. દિવાળીના તહેવાર ટાંણે પ્રતિવર્ષ દાહોદ જાલોદ તરફના રૂટમાં વિશેષ ટ્રાફિક જોવા મળે છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારમાં પણ દિવાળી ના તહેવારના દિવસોમાં વધુ ટ્રાફિક રહે છે. આવા સંજોગોમાં ટ્રાફિકને પહોંચી વળવા માટે અને મુસાફરોને હાલાકી ન પડે તે માટે એસ ટી તંત્ર દ્વારા પ્રતિવર્ષ વધારાની બસો દોડાવવામાં આવે છે. જયારે આ વર્ષે કોરોનાના કપરા સમયમાં એસ ટી બસમાં આડા દિવસોમાં પુરતો ટ્રાફિક જોવા મળતો નથી ત્યારે એસ ટી ની આવકમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે.

હાલ કોરોનાને અનુલક્ષી સોશિયલ ડીસ્ટન્સીંગના અમલ સાથે બસમાં પણ પુરતા મુસાફરો બેસાડવામાં આવતા નથી. કોરોના કાળમાં તબક્કાવાર તમામ રૂટોની બસસેવા શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે હજુ પણ ગાંધીનગર ડેપોની આવકમાં ઘટાડો યથાવત છે. કોરોનાના સંક્રમણ વચ્ચે નાગરિકો હજુ સલામત સવારીમાં બેસવાનુ ટાળી રહ્યા છે. જો કે ધીમે ધીમે અપડાઉન કર્તાઓ બસમાં મુસાફરી કરવા તરફ વળ્યા છે. ત્યારે એસ ટી તંત્ર દ્વારા આગામી દિવાળીના તહેવારોને અનુલક્ષીને પણ તૈયારી કરી દેવામાં આવી છે. એસ ટી ડેપો દ્વારા દિવાળીના તહેવારને અનુલક્ષી વધારાની ૧૦ બસો દોડાવવાનુ આયોજન કર્યુ છે. જેમાં દાહોદ જાલોદ સહીતના રૂટમાં આ બસો દોડવાશે જો કે જે રૂટમાં મુસાફરો વધુ હોય તેને ધ્યાને લઈ બસને રૂટમાં દોડાવાનુ આયોજન કરવામાં આવશે. હાલ એસ ટી એ મુસાફરોની જરૂરિયાતને ધ્યાને લઈ રૂટમાં બસ દોડાવવા માટે તૈયારી કરી લીધી છે.

# ગુડા ટી.પી. વિસ્તારના ૩૦૦ રીઝર્વ પ્લોટ ભાડા પેટે આપી આવક ઉભી કરશે

## વિવિધ ટી.પી. વિસ્તારમાં લાંબા સમયથી બિન ઉપયોગી હોય તેવા પ્લોટને ભાડે આપવા માટે ગુડાએ પોલીસી તૈયાર કરી : આગામી દિવસોમાં નવી આવાસ યોજનાનુ કામ પણ હાથ ધરાશે

ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં લાંબા સમયથી રીઝર્વ હોય તેવા ૩૦૦ જેટલા પ્લોટ ભાડે આપવા ગુડાએ પોલીસી તૈયાર કરી છે. ગુડાની ટી પી વિસ્તારમાં રીઝર્વ પ્લોટને ભાડે આપી ગુડા રેવન્યુ ઉભી કરશે. ગુડા વિસ્તારમાં પણ રીઝર્વ પ્લોટ ભાડે આપવાની નિતીથી વેપાર ઉદ્યોગને પ્રોત્સાહન મળશે. ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામોને પણ વેગ આપવામાં આવ્યો છે ત્યારે આગામી દિવસોમાં નવી આવાસ યોજનાનુ કામ પણ હાથ ધરાશે.

ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં વિકાસના અનેકવિધ કામો હાથ ધરવામાં આવે છે. જયારે ગુડાના ટી પી વિસ્તારમાં ખાલી જગ્યામાં નવી આવાસ યોજનાના પ્રોજેકટનુ કામ પણ ટુંકમાં શરૂ કરવામાં આવશે જયારે ગુડા વિસ્તારમાં બીજીતરફ માળખાગત સુવિધાના કામો પણ હાથ ધરવામાં આવી રહ્યા છે. જેમાં માર્ગ નિર્માણ સહીત વરસાદી પાણીના નિકાલની લાઈન સહીત હરિયાળા ઉદ્યાનોના નિર્માણ તની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે. ગુડાના વિકસિત વિસ્તારમાં નવા કામો હાથ ધરવાની સાથે નાગરિકોને જરૂરી સેવા મળી રહે તે મુજબનુ પણ આયોજન કરવામાં આવે છે. ત્યારે વિકસિત ટી પી વિસ્તારમાં લાંબા સમયથી ખાલી પડી રહ્યા હોય તેવા રીઝર્વ પ્લોટને પણ ભાડેથી આપવા માટે ગુડાએ પોલીસી તૈયાર કરી દીધી છે. આ મામલે ગુડાએ અભ્યાસના અંતે ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં રીઝર્વ પ્લોટને ભાડે પેટે આપવા માટે આયોજન કર્યુ છે. ગુડા આ અન્વયે રીઝર્વ પ્લોટ ભાડેથી આપવા બાબતે બે કાર્યયોજના મુજબ નિયમો તૈયાર કર્યા છે. જેમાં લાંબા અને ટુંકા ગાળાને ધ્યાને લઈ આ મુજબના રીઝર્વ પ્લોટ ભાડે આપવા આયોજન કરાયુ છે. જો કે આ પ્રકારના પ્લોટમાં ભાડુઆતો બાંધકામ કરી શકશે નહીં જયારે લાંબા અને ટુંકા અંતરમાં જુદા જુદા સમયની મુદ્દત માટે આ પ્લોટ ભાડે આપવામાં આવશે. ગુડાની આ ભાડા પોલિસીના અંતે કોર્મશિયલ કે અન્ય ઉપયોગ માટે ભાડુઆતોની જરૂરિયાત સંતોષાશે આ ઉપરાંત ગુડાને પણ આવક થતા રેવન્યુ ઉભી થશે. આગામી દિવસોમાં ગુડા દ્વારા નવી આવાસ યોજના બાંધવા માટે પણ આયોજન કરવામાં આવશે. જેના લીધે એલ આઈ જી આવાસની યોજના અન્વયે લાભાર્થીઓની માંગ સંતોષાશે. અત્યાર સુધી ગુડાએ રાયસણ , કુડાસણ , અડાલજ અને ચિલોડા સહીતના વિસ્તારમાં આવાસ યોજનાના કામો હાથ ધરાયા છે.

# એનઓસી વગર ગેરકાયદે ચાલતા ઈન્ડસ્ટ્રીયલ યુનિટ સામે ગુજરાતભરમાં ખાસ ઝુંબેશ

અમદાવાદ શહેરનાં પીરાણા-પીપલજ રોડ ઉપર કેમીકલ ગોડાઉનમાં બનેલ બનાવ બાદ સરકાર દ્વારા બનાવેલ સમિતી દ્વારા પ્રથમ તબક્કામાં અપાયેલ સૂચના બાદ ગુજરાતભરમાં ગેરકાયેદે ચાલતા ઈંડસ્ટ્રીયલ એકમને સીલ કરવા તેમજ ગેરકાયદે થયેલા ફેક્ટરી-ગોડાઉનનાં બાંધકામોની સામે કાયદાકીય પગલા ભરવાની શરૂઆત થઈ ગઈ છે એમ શ્રમ અને રોજગાર વિભાગનાં અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રા દ્વારા જણાવાયુ છે. રાજયમાં થતાં આગનાં બનાવોને રોકવા સરકાર દ્વારા રચાયેલી સમિતીના શ્રમ અને રોજગાર વિભાગનાં અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રા દ્વારા મ્યુનિસીપલ કમીશનરોને અપાયેલ સૂચના બાદ અમદાવાદમાં રેવાકાકા એસ્ટેટ અને નાનુકા એસ્ટેટમાં આવેલી ૧૩ જેટલા એકમોને, અંદાજે ૫૬૦૦ ચો.મીટરનો એરીયા સીલ કરી દેવાયો છે. આ ઉપરાંત, AMC, GPCB અને DISH દ્વારા રચાયેલી ટીમ દ્વારા ૧૮ એકમોને સીલ કરવાની નોટીસ આપવામાં આવી છે.

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
SURMOUNT HOSPITAL
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિકવન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેકચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ